Roll No. | | | | | | | |

**Series RKM** **Code No. 9**

- Please check that this question paper contains 4 printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains 7 questions.
- Please write down the serial number of the question before attempting it.

# GUJARATI

# ગુજરાતી

*Time allowed : 3 hours* *Maximum Marks : 100*

*સમય સીમા : 3 કલાક* *કુલ અંક : 100*

## વિભાગ 1

**1.** (અ) કોઈ પણ ***પાંચ*** વાક્યોમાં કૌંસમાં માગ્યા પ્રમાણે પરિવર્તન/રૂપાંતર કરો. 5

(1) માને દુ:ખી જોઇ દીકરીનું હૈયું ભરાઇ આવ્યુ. (સમાનાર્થી વાક્ય બનાવો)

(2) ગાંડી કુસુમ કેવી ડાહી થઇ ગઇ ? (વિધાન વાક્ય બનાવો)

(3) કઠોર માણસોના મનમાં લાગણી હોતી નથી. (વિધિ વાક્ય બનાવો)

(4) ચકી લાવી ચોખાનો દાણો, ચંકો લખ્યો દાળનો દાણો. (વચન બદલો)

(5) વનનો રાજા સિંહ પાંજરે પુરાયો. (લિંગ બદલો)

(6) રમા તદ્દન્ સાચું કહે છે. (નિષેધ વાક્ય બનાવો)

(7) રૂપાથી તેનો વિરહ સહી શકાયો નહિ. (કર્તરિ રચના કરો)

(8) વિનોદે સ્વાધ્યાય ચાલુ રાખ્યો છે. (કર્મણિ રચના કરો)

(બ) કૌંસમાં માગ્યા પ્રમાણે કોઈ પણ ***પાંચ*** વાક્યોના કાળ બદલો : 5

(1) તે રમવા ગયો છે. (પૂર્ણ ભૂતકાળ)

(2) મારી પરીક્ષા ચાલે છે. (ચાલુ ભવિષ્યકાળ)

(3) ઉષા આવી ગઈ હશે. (સાદો ભવિષ્યકાળ)

(4) કાલે દિવાળી છે. (સાદો ભૂતકાળ)

(5) તું શા માટે ઉતાવળ કરે છે ? (ચાલુ ભૂતકાળ)

(6) મેં દરવાજો બંધ કર્યો છે. (પૂર્ણ ભવિષ્યકાળ)

(7) તેનું મન બહુ ઉદાસ હતું. (સાદો વર્તમાનકાળ)

(ક) નીચેનામાંથી કોઈ પણ ***પાંચ*** વાક્યો સુધારીને લખો. 5

(1) દોરીમાં હાથ-પગ બાંધી લો.

(2) મારી ગાય ઘણો દૂધ આપે છે.

(3) વિદ્યાર્થીઓ અશાંત હતું.

(4) હું રવિવારે કયાંક જતો છું.

(5) પૂનમની રાત્રે સૂરજ પ્રકાશે છે.

(6) પુસ્તકો ટેબલ નીચે મૂકી દો.

(7) તારો પિતાજીનો નામ શું છે ?

**2.** (અ) ગમે તે ***એક*** વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો : 10

(1) મનુષ્ય અને કુદરત.

(2) એક નશાખોરની આપવીતી.

(3) જો અણુયુદ્ધ થાય તો ....

(4) સમાજ અને સાહિત્ય.

(બ) નીચે આપેલ પરિચ્છેદનો આશરે 1/3 વાક્યોમાં સંક્ષેપ કરો : 7

તમે અમુક-તમુક વ્યક્તિને જુઓ છો. તે તથા સર્વ જગત તમારાથી પૃથક્ છે એવો વિચાર કરો છો, એ સ્વાર્થવૃત્તિ છે. તમે માનો છો કે તમે મારાથી પૃથક્ છો. તમે મારો કંઇ જ વિચાર કરતા નથી. હું ઘરબાર વિનાનો છું. પણ મને એવો જોઇને પણ તમને કશું થતું નથી. તમે ઘેર જાઓ છો, ખાઇ-પીને સૂઇ જાઓ છો. હું મરી જઉં તો પણ તમે તો ખાઓ, પીઓ ને મજા કરો છો. પરંતુ બાકીનું જગત પીડાતું હોય ત્યારે તમે ખરેખરા સુખી થઇ શકો નહીં. આપણે સૌ એક છીએ. પૃથક્ પણાની ભ્રાંતિ જ દુઃખનું મૂળ છે.

(ક) તમે સન્યાસી થવા ઇચ્છો છો તે માટે અનુમતિ માંગતો પત્ર તમારા માતા-પિતાને લખો. 8

**અથવા**

તમારા અભ્યાસ માટે જરૂરી પુસ્તકો માટે પુસ્તકવિક્રેતાને ઓર્ડર લખો.

**3.** નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો : 10

પ્રત્યેક પ્રજામાં, સ્ત્રી અગર પુરુષ જીવનમાં જાણે અજાણે આચરણમાં મુકાતા કોઇ એક આદર્શનું પ્રતીક હોય છે. વ્યક્તિ એ મૂર્તિમત થવા માગતા આદર્શની બાઝ અભિવ્યક્તિ છે. આવી વ્યક્તિઓનો સમૂહ એટલે એક પ્રજા; અને એ પ્રજા પણ કોઇ મહાન આદર્શને રજૂ કરે છે, તે આદર્શ તરફ તે જઇ રહી હોય છે. તેથી કોઈ પણ પ્રજાને સમજવા માટે તમારે પ્રથમ તેનો આદર્શ સમજવો જોઇએ. કારણ પ્રત્યેક પ્રજા પોતાના ધોરણ સિવાય ના બીજા કોઇ પણ ધોરણ દ્વારા પોતાનું મૂલ્યાંકન કરાવવાનું પસંદ નથી કરતી. — સ્વામી વિવેકાનંદ

*પ્રશ્નો :*

(1) કોઇ પણ પ્રજામાં સ્ત્રી અગર પુરુષ શેના પ્રતીક હોય છે ?

(2) વ્યક્તિ શેની બાહ્ય અભિવ્યક્તિ છે ?

(3) પ્રજા કઇ તરફ ગતિ કરતી હોય છે ?

(4) કોઇ પણ પ્રજાને સમજવા માટે પ્રથમ શું સમજવું જરૂરી છે ?

(5) પ્રત્યેક પ્રજા શું પસંદ નથી કરતી ?

**સૂચના :** *વિભાગ 2(અ) અને વિભાગ 2(બ) માંથી કોઈ પણ* ***એકજ*** *વિભાગના પ્રશ્નોના જવાબ લખો.*

## વિભાગ 2 (અ)

**4.** નીચેનામાંથી કોઈ પણ ***બે*** વિષે વિસ્તૃત નોંધ લખો : 20

(1) અમરતકાકીના માતૃહૃદયનો પરિચય કરાવો.

(2) 'થીગડું' વાર્તાનું રહસ્ય સમજાવો.

(3) 'ભણકારા' શીર્ષકની યોગ્યતાની ચર્ચા કરો.

(4) 'અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે'— આ વિધાનનો મર્મ સમજાવો.

**5.** (અ) નીચેનામાંથી કોઈ પણ ***બે*** પંક્તિઓ સંદર્ભ આપી સમજાવો : 8

(1) વેશ-ટેક છે આડી ગલી, પેઠો તે નવ શકે નીકળી.

(2) વામ ચરણમાં ઇંદુ અચળ છે, શીદ રહે અન્યની આશે ?

(3) અને હૃદય આ નમે પુનિત શ્વેત વાર્ધક્યને.

(4) જા, બાપ ! માતા આખલાને નાથવાને.

(બ) 'છપ્પા', 'મહેમાનોને સંબોધન', 'હું તો ચહું'— આ ત્રણમાંથી કોઇ પણ એક કાવ્યનો રસાસ્વાદ કરાવો. 7

**6.** 'પાંજે વતનજી ગાલ્યું' માં કવિ પોતાના બાળમિત્રોને કેવી રીતે યાદ કરે છે ? 5

**અથવા**

'સાંજ પહેલાંની સાંજ' કાવ્યને આધારે બપોરનું શબ્દચિત્ર આલેખો.

**7.** કાલીવ અને ઇલિઝાબેથની અદ્‌ભુત મુલાકાતનું વર્ણન કરો. 10

**અથવા**

પતિપ્રેમ મેળવવા મથતી કુમુદનું યાત્રાલેખન કરો.

## વિભાગ 2 (બ)

**4.** નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ ***બે*** પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. 20

(1) 'આંગળી ઝાલીને એને દોરજે' માં પિતા તરીકે પત્રલેખકના વ્યક્તિત્વનો પરિચય કરાવો.

(2) 'રોહિણીને તીરે' કથામાં કઈ સમસ્યા રજૂ થઇ છે અને તેનો શો ઉકેલ સૂચવાયો છે ?

(3) 'ચકલીઓ'ના લેખકની જુદી જુદી ભાવદશાઓનું વર્ણન કરો.

(4) 'થીગડું' વાર્તાનું રહસ્ય સમજાવો.

**5.** કોઈ પણ ***ત્રણ*** પ્રશ્નોના ટૂંકા જવાબ લખો. 10

(1) 'દરિયા કિનારે' ના લેખકના જીવન ઘડતરમાં દરિયો શું ભાગ ભજવે છે ?

(2) 'કસ્તુરબાના વ્યક્તિત્વ વિશે' ટૂંકનોંધ લખો.

(3) દક્ષા શા માટે ત્રીજા માળની ઓરડી પસંદ કરે છે ?

(4) "ખાદી એ પહેરવાની વસ્તુ છે, પહેરાવવાની નહીં" નાનાભાઇ આ વાત કેવી રીતે સમજાવે છે ?

(5) 'પંચપટરાણી' ને લેખક કેવી રીતે રીઝવે છે ?

**6.** કોઈ પણ ***ત્રણ*** કાવ્યપંક્તિઓ સંદર્ભ આપીને સમજાવો : 10

(1) ચાકરીમેં દરસન પાઊં, સુમિરન પાઊં ખરચી;
ભાવ-ભગતિ જાગીરી પાઊં, તીનોં બાતાં સરસી

(2) 'પાસે જેવી ચરતી હતી આ ગાય
તેવો જ હું છું.'

(3) રાષ્ટ્રદેવ ! રાષ્ટ્રપ્રાણની પીછે સહુ ધસ્યા !
એક એ અનંતમાંથી સિંધુ સાત ઊમટયા !

(4) અબ લગ કંકર એક ન લાગ્યો
ગયાં ભાગ્ય મુજ ફૂટી !

(5) ઝાલો ત્યાં તો છટકે એવી નાજુક ને ચંચલ ।

**7.** કોઈ પણ ***ત્રણ*** પ્રશ્નોના ટૂંકા જવાબ લખો. 10

(1) અગ્નિ અને ઘુમાડાના દ્દષ્ટાંતથી અખો શું સૂચવે છે ?

(2) સાયંકાળે મોર શા માટે ટહુકા કરે છે ?

(3) 'નમું' માં માનવતાની જીત શી રીતે દર્શાવાઇ છે ?

(4) 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિનો દામ્પત્ય-પ્રેમ કેવી રીતે વ્યક્ત થયો છે ?

(5) 'પલ' કાવ્યમાં સમયનાં કયાં સ્વરૂપો આલેખાયાં છે ?

**અથવા**

'ભોળી રે ભરવાડણ', 'નમું', 'એ લોકો' — આ ત્રણમાંથી કોઈ પણ ***એક*** કાવ્યનું વિસ્તૃત રસદર્શન કરાવો.